યુનાઈટેડ કિંગ્ડમસ્થિત

# ગુજરાતી સાહિત્ય અકાદમી

**હરિવલ્લભ ચુનીલાલ ભાયાણી સ્વાધ્યાયપીઠ**

**યોજે છે**

# બીજું વાર્ષિક વ્યાખ્યાન

## “ઓગણીસમી સદીથી આજ સુધી હોળીના તહેવારમાં થયેલ વિનિમય : મુંબઇ અને ગુજરાતના શહેરોની વાત”

## વ્યાખ્યાતા : ડૉ. અમ્રિતા શોધન



આ વ્યાખ્યાન ઓગણીસમી સદીના મધ્યમાં મુંબઇ, અમદાવાદ અને સુરતમાં ઉજવાતી ગુજરાતી હોળીના તહેવારના રૂપાંતર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે સમયે જાહેર તહેવારોને તાકીને સુધારાના ઇજારદારો ઘણું તીખું લખીને લોકોને શરમીંદા કરી ચાલ ચલણ બદલાવવાની ભૂમિકા ભજવતા હતા. હોળીની ઉજવણીમાં વપરાતી ઉગ્ર ગાળો-ગલોચ અને જાતીય રીતે છૂટછાટવાળું લોકવર્તન ‘કાર્નિવલ' જેવી પરિસ્થિતિની અખબારો અને વ્યાખ્યાનોમાં ઘણી ટીકા થઈ, જેના પરિણામે અંતે જાહેર હોળી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. પુષ્ટિ સંપ્રદાયના મંદિરોમાં ઉજવાતી સાંપ્રદાયિક હોળી ઉજવણી અખબારો, જાહેર સભાઓ તથા 1862ના મહારાજ બદનામી કેસ દરમિયાન થયેલી જાહેર ટીકાનો મહત્વપૂર્ણ ભાગ હતી, જેના પરિણામે હોળીની ઉજવણી અને મહારાજ સંચાલિત સાંપ્રદાયિક મંદિરોની પરંપરાઓનું પુનઃરૂપાંતર કરવામાં આવ્યું. હોળીની પ્રવૃત્તિઓ અને તેના રૂપાંતર સાથેસાથે હોળી સાથે જોડાયેલી કથા વાર્તાઓમાં પણ પરિવર્તન આવ્યું. 1850ના દાયકામાં ઉચ્ચ વર્ગ દ્વારા હોળી અંગે કહેવાતી વાર્તાઓ હિંદુ દેવસમૂહ વિશે નહોતી, પરંતુ સ્થાનિક લોકો દ્વારા નિયમભંગ કરનાર સ્ત્રીઓની હત્યા વિશે હતી. આ વાર્તાઓ નરસિંહ અવતાર સાથે જોડાયેલી વૈષ્ણવ હોળિકા કથાથી સંપૂર્ણપણે અલગ હતી. આ ઉપરાંત, જોન કોર્ટ અને ભાયાણી દ્વારા વિશ્લેષિત મધ્યયુગીન જૈન અને વૈષ્ણવ હોળી સાહિત્યથી પણ આ કથાઓ ભિન્ન હતી. હોળીની પ્રથા, તેની સાથે જોડાયેલ લોક સાહિત્ય, કથાઓ અને પુષ્ટિ સંપ્રદાયની પરંપરાઓનું અધ્યયન કરીને આ વ્યાખ્યાન ઓગણીસમી સદીમાં હિંદુ ધર્મના ઇતિહાસ અને તેની પુનર્વ્યાખ્યાઓનું એક આંતરિક ઝલક પ્રદાન કરશે.

## રવિવાર, 15 ફેબ્રુઆરી 2026 ઠીક બપોરે 14.00 કલાકેથી

**[ભારત : 19.30 • અમેરિકા : પૂર્વ કાંઠે : 09.00; પશ્ચિમ કાંઠે : 06.00]**

કમ્પ્યુટર કે લેપટોપથી આપેલી લિન્ક પર ક્લિક કરીને Zoomમાં સીધો પ્રવેશ મેળવી શકાશે, પરંતુ આઈપેડ કે મોબાઈલ ફોન જેવાં નાનાં સાધનો પર અગાઉથી Zoom એપ ઈન્સ્ટોલ કરવાની ભલામણ કરીએ છીએ.

The link for this session : https://us06web.zoom.us/j/89197250866 (Meeting ID: 891 9725 0866)

**વાચકજૂથના સભ્યોને તેમ જ મહેમાન મિત્રોને પણ એમના કમ્પ્યુટર કે આઇપેડ જેવાં સાધનોમાં અનુકૂળ હોય તો Zoom ઇન્સ્ટોલ કરવાનું સૂચવીએ. અન્યથા અહીં આપેલી લિન્ક પર ક્લિક કરવાથી Zoom તમને દાખલ પણ કરશે. આમ વગર ખાતાએ તમે આ બેઠકમાં પ્રવેશી શકશો. શુભ કામનાઓ. પધારો. સ્વાગત હો.**